# 30

**મનરેગા યોજના અંતર્ગત ફાળવેલ રકમ**

*** 15/4/2349 : શ્રી અમીત ચાવડા** (આંકલાવ) **: માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| **પ્રશ્ન** | | **જવાબ** | |
|---|---|---|---|
| (૧) | તા. ૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર મનરેગા યોજના અંતર્ગત કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને કેટલી ગ્રાન્ટ ફાળવી, | (૧) | તા. ૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર મનરેગા યોજના અંતર્ગત કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને ફાળવેલ ગ્રાન્ટની વિગત નીચે મુજબ છે. |

**(રકમ રૂપિયા લાખમાં)**

| **કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવેલ રકમ** | |
|---|---|
| **૨૦૨૨-૨૩** | **૨૦૨૩-૨૪ (તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ)** |
| ૧૭૪૯૮૫.૯૧ | ૧૩૬૮૦૬.૮૪ |

**નોંધ:-** મનરેગા સોફ્ટમાં નાણાંકીય વર્ષ મુજબ માહિતી ઉપલબ્ધ હોઈ, નાણાંકીય વર્ષ પ્રમાણે માહિતી તૈયાર કરવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| (૨) | ઉક્ત ફાળવવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર જિલ્લાવાર કેટલી ગ્રાન્ટ ફાળવી, અને | (૨) | મનરેગા યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ અન્વયે રાજ્ય કક્ષાએથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી, પરંતુ જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે. |
| (૩) | ઉક્ત વર્ષવાર જિલ્લાવાર ફાળવવામાં આવેલ રકમ પૈકી કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી? | (૩) | મનરેગા યોજના અંતર્ગત કોઈપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લાવાર ફાળવવામાં આવતી ન હોય રકમ વણવપરાયાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------------------------